**647510** **BA0GujCC622A** **Seat No :________**

# B.A. Semester - 6 (*CBCS*) Examination
# March/April-2024 (OLD COURSE)
# GUJARATI: P22 APATHIT: KAVYA NO ASWAAD, GADHYKHAND NU VIVRAN, SAHITYIK SANSKRUTIK NIBANDHO(CORE - 22)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચે આપેલા કાવ્યનો આસ્વાદ કરાવો. (૧૪)

ફાગણની ઝાળઝાળ સુક્કી વેળામાં તારું પહેલા વરસાદ સમું આવવું.... હવે આંખોને કેમ રે ભુલાવવું

બળતે બપ્પોર ભીનો પગરવ સુણીને, કાંઈ વાસ્યાં કમાડ અમે ખોલ્યાં

ચારે આંખોનાં એવાં અંધાર્યા વાદળાં, કે શમણે આવેલ મોર બોલ્યાં

ઓચિંતા ધોધમાર સામસામે આપણે ઊભાં રહ્યાં-નું પૂર આવવું.... હવે આંખોને કેમ રે ભુલાવવું

ફળિયે પલાશ ફૂલ નીતરતું ઝાડ, અને હું રે વેરાઈ જાઉં રાનમાં

મારી હથેળીમાં એવી રેખાઓ, જેવી રેખા છે ખાખરાના પાનમાં

લીંબોળી વાવીને છાંયડા ઊછેરું પણ ચોમાસું કેમ કરી વાવવું? .... હવે આંખોને કેમ રે ભુલાવવું

ફાગણની ઝાળઝાળ સુક્કી વેળામાં તારું પહેલાં વરસાદ સમું આવવું,... હવે આંખોને કેમ રે ભુલાવવું.

અથવા

પ્રશ્ન-૧ નીચે આપેલા કાવ્યનો આસ્વાદ કરાવો.

મારા ખેતરને શેઢેથી
'લ્યા ઊડી ગઈ સારસી!
મા,
ઢોચકીમાં છાશ પાછી રેડી દે.
રોટલાને બાંધી દે.
આ ચલમની તમાકુમાં કસ નથી;
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગનિ.
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય
અલે એઈ
બળદને હળે હવે જોતરીશ નંઈ..
મારા ખેતરને શેઢેથી-

પ્રશ્ન-૨ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

અહિંસા એ માત્ર આચરણનો સ્થૂળ નિયમ નથી, પણ એ મનની વૃત્તિ છે. જે વૃત્તિમાં ક્યાંય પણ દ્વેષની ગંધ સરખી રહે નહિ તે અહિંસા. એવી અહિંસા સત્યના જેટલી જ વ્યાપક છે. એવી અહિંસાની સિદ્ધિ થયા વિના સત્યની સિદ્ધિ થવી અશક્ય છે. માટે સત્ય એ બીજી રીતે જોઈએ તો અહિંસાની પરાકાષ્ઠા જ છે. પૂર્ણ સત્ય અને પૂર્ણ અહિંસામાં ભેદ નથી, છતાં સમજવાની સગવડ માટે સત્યને સાધ્ય અને અહિંસાને સાધન ગણ્યું છે...આ સત્ય અને અહિંસા-સિક્કાની બે બાજુઓની જેમ એક જ સનાતન વસ્તુની બે બાજુઓ જેવી છે. ઈશ્વર પ્રેમ સ્વરૂપ છે એમ જે અનેક ધર્મોમાં કહેવામાં આવ્યું છે, તે પ્રેમ અને આ અહિંસા જુદાં નથી...પ્રેમનું શુદ્ધ વ્યાપક સ્વરૂપ તે અહિંસા. જે પ્રેમમાં રાગ કે મોહની ગંધ આવે છે તે અહિંસા ન હોય. જ્યાં રાગમોહ હોય ત્યાં દ્વેષનું બીજ પણ હશે જ પ્રેમમાં ઘણી વાર રાગદ્વેષ જોવામાં આવે છે. માટે તત્ત્વવેત્તાઓએ 'પ્રેમ' શબ્દ ન વાપરતાં, "અહિંસા' શબ્દ યોજીને તે પરમ ધર્મ છે એમ કહ્યું છે...અહિંસામાં તીવ્ર કાર્યસાધક શક્તિ રહેલી છે. એમાં રહેલી અમોઘ શક્તિનું હજુ પૂર્ણ સંશોધન થયું નથી. "અહિંસાની નિકટમાં સર્વ ઝેરવેર શમી જાય છે", એ સૂત્ર પોથીમાંનું રીંગણું નથી, પણ ઋષિનું અનુભવ વાક્ય છે... અહિંસાની શક્તિના જોડાણ અને સંગઠન માટે માણસ દીર્ઘ ઉદ્યોગ કરે તો માણસ જાતિનાં દુ:ખોના નિવારણ માટે એક અમૂલ્ય, કદી વ્યર્થ ન જનારું અને પરિણામે ઉભય પક્ષનું કલ્યાણ કરનારું એ સાધન છે એમ સિદ્ધ થાય.

અથવા

પ્રશ્ન-૨ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.

સહુની ઈચ્છા સુખ પ્રાપ્ત કરવાની છે. 'ભાગ્ય પ્રમાણે સુખ મળે છે', 'યોગને આધીન સુખ છે", "સુખ તો માની લીધેલું છે' ને "સંતોષમાં સુખ છે' એમ લોકો કહે છે પણ એમ કહી જાણી સુખને માટે બને તેટલો પ્રયત્ન નથી કરતું એવું કોઈ નથી. માણસનો સ્વભાવ જ છે કે તડકો લાગે તો છાંયડામાં જવું અને તડકામાં ફરતાં લાભ થતો હોય તો તડકો વેઠવો. વળી કોઈ પણ માણસ સુખથી ધરાતો જ નથી ને નવાં- નવાં તથા વધારે-વધારે સુખની ઈચ્છા રાખે છે જ. કોઈ કહે ઈચ્છા પૂરી પડે ત્યારે જ સુખ મળ્યું કહેવાય, પણ ઈચ્છા પૂરી પડે એટલે નવી ઈચ્છા થવાનો સંભવ છે જ. ત્યારે હવે સુખ તે કયું? રૂડી ઈચ્છા થઈ કે પરિશ્રમ કરવો ને આશા રાખવી એ સુખ છે. એકનું સુખ ઘણા જણના સુખના ઉપર આધાર રાખે છે માટે ઘણાને સુખ થાય તેવો દરેક જણે પરિશ્રમ કરવો જોઈએ – આપણા દેશમાં ઘણા જણ સમૃદ્ધિમાન થાય, ઘણા જણ સદ્ગુણી ને ધર્મી થાય, ઘણા જણ શૂરવીર થાય, ઘણા જણ યશસ્વી થાય, (થોડામાં કહું છું કે) ઘણા જણ હમણાંના કરતાં ઘણું જ સારું સંસારસુખ, સમૃદ્ધિસુખ, વિદ્યાસુખ, ધર્મનીતિસુખ ને રાજ્ય સંબંધી સુખ ભોગવતા થાય તેને માટે આપણે સહુએ ઈચ્છા રાખવી ને ખંતે પરિશ્રમ કરવો. દેશ યશસ્વી કરવાનો-આપણી દેશજનતા સબળી ને સતેજ કરવાનો-ધોરી રસ્તો આ જ છે કે આપણે આપણા નવા વિચાર- સુધારાના વિચાર-ખંતથી ને ઉતાવળથી અમલમાં આણવા.

પ્રશ્ન-3 નીચેના માંથી કોઇ પણ એક વિષય પર નિબંધ લખો. (૧૪)

(૧) મોબાઈલ-શાપ કે અભિશાપ (૨) સોમનાથ પ્રવાસ

(3) એક ભારત, શ્રેષ્ઠ ભારત (૪) 'શીલ તેવી શૈલી'

પ્રશ્ન-૪ અરજી લેખન કરો. (૧૪)

'રામ નિવાસ', બ્લોક નંબર આર.–૩, ગોકુલધામ સોસાયટી, એમ.જી.રોડ, ગાંધીનગરથી પૃથ્વીરાજ ચૌહાણ, નળ જોડાણ મેળવવા માટે મહાનગરપાલિકા ગાંધીનગર અરજી કરે છે. - આ વિગતોને ધ્યાનમાં રાખીને અરજી લેખન કરો.

અથવા

'શિવ શક્તિ કૃપા', બ્લોક નંબર–૪૯, પુષ્પકુંજ સોસાયટી, કાંકરિયા તળાવની બાજુમાં,મણીનગર –અમદાવાદ થી અર્જુન બી. મકવાણા અગાઉ હાઉસ ટેક્સ નિમિત્તે તેના દ્વારા ચૂકવાયેલા નાણા પરત લેવા માટે અમદાવાદ મહાનગરપાલિકાનાં મ્યુનિસિપલ કમિશનરશ્રીને અરજી કરે છે. - આ વિગતોને ધ્યાનમાં રાખીને અરજી લેખન કરો.

પ્રશ્ન-૫ (અ) નીચે આપેલ કોઈ પણ એક વિષય ઉપર અહેવાલ લખો. (૦૭)

(1) મ્યુનિસિપલ આર્ટસ કોલેજ – મહેસાણામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩/૨૪ના ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે યોજાયેલા વિદાય સમારંભનો અહેવાલ લખો.

(2) અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઈવે પર થયેલા ગમખવાર અકસ્માતનું અહેવાલ લેખન કરો.

(બ) અર્થ વિસ્તાર કરો. (કોઈપણ એક) (૦૭)

(1) 'હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.'

(2) 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા;
શકટનો ભાર જેમ, શ્વાન તાણે.'

***************************